# જન્મદિને વધામણી



ચંદ્રકાન્તભાઈ વી સુખડીયા
વૃન્દાવન સ્વીટ્સ
મો. ૯૮૨૫૭ ૩૮૬૮૬



શિવાભાઈ જેઠાભાઈ પટેલ
પૂર્વ મંત્રી, પ્રમુખ, લાયન્સ ક્લબ
પ્રમુખ, સેક્ટર-૭ એ વસાહત મંડળ
ચેરમેન, શિક્ષણ સમિતિ,
ઉમિયા માતાજી સંસ્થાન

# કામધેનૂ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન સમારોહ આજે

## રાજ્યપાલના અધ્યક્ષ સ્થાને મહાત્મા મંદિર ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૩૧

કામધેનૂ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન સમારોહ બુધવારે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં યુનિવર્સિટીના કુલપતિ પ્રૉ. ઍમ સી વાર્ષ્ણેય દ્વારા જણાવવામાં આવ્યું છે કે વસંત પંચમી એટલે મા સરસ્વતીની પૂજાનો દિવસ. પ્રાચીન સમયમાં ઋષિમુનિઓના આશ્રમોમાં અભ્યાસ પૂર્ણ કરતાં શિષ્યોને વસંદ પંચમીના દિવસે મા સરસ્વતીના આશીર્વાદ મેળવીને સમાજના કલ્યાણ માટે વિદાય આપવામાં આવતી હતી. આ જ પ્રમાણે કામધેનૂ યુનિવર્સિટી દ્વારા પણ પ્રતિ વર્ષે વસંત પંચમીના દિવસે જ વાર્ષિક પદવીદાન સમારોહ યોજવાની પરંપરા છે.

યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન તા. ૧ ફેબ્રુઆરી ને બુધવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે રાજ્યપાલ ઓ પી કોહલીના અધ્યક્ષ સ્થાને મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ સમારોહ અંતર્ગત યુનિવર્સિટીના પશુપાલન ડિપ્લોમા તથા ડેરી ટૅકનોલૉજીના સ્નાતક વિદ્યાર્થીઓને પદવી તથા ડિપ્લોમા એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ ડૉ. ઍન ઍન રાઠોડ ઉપસ્થિત રહી દિક્ષાંત પ્રવચન આપશે. રાજ્યકક્ષાના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી બચુભાઈ ખાબડ આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

રાજ્યપાલ દ્વારા કામધેનૂ યુનિવર્સિટી હસ્તકની ડેરી વિજ્ઞાન કૉલેજ, અમરેલીના ૩૪ તેમજ માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ ડેરી ઍન્ડ ફૂડ ટૅકનોલૉજી, મહેસાણાના ૨૯ વિદ્યાર્થીઓને બીટૅક ડેરી ટૅકનોલૉજી તેમજ અંગભૂત અને સંલગ્ન પોલિટૅકનીક ઈન ઍનીમલ હસબન્ડરીના કુલ ૮૨ વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઈન ઍનીમલ હસબન્ડરી એનાયત કરવામાં આવશે.

# પિલવાઈ કૉલેજમાં ટ્રેડિશનલ ડ્રેસ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી યુ પી આર્ટ્સ, શ્રીમતી ઍમ જી પંચાલ સાયન્સ અને શ્રી વી ઍલ શાહ કૉમર્સ કૉલેજ, પિલવાઈ ખાતે ટ્રેડિશનલ ડ્રેસ ડેની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ સહિત સૌકોઈ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યાં હતાં, જેના કારણે કૉલેજનું વાતાવરણ અનોખું ભાસતું હતું. આ પ્રસંગે સૌએ સાથે મળીને ડીજેના તાલે ગરબે ઘૂમવાની મજા પણ માણી હતી. પ્રિન્સિપાલ ડૉ. સંજય ઍસ શાહે ગરબાનો પ્રારંભ કરાવી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. ગરબાને અંતે સૌ માટે અલ્પાહારની સગવડ પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન ગીત, સંગીત, નૃત્ય ધારાના કન્વીનર ડૉ. આર ઍસ દવે, ઍમ ઍસ વાઘેરા, જિજ્ઞાસાબેન વાઘેલા તથા સદામ સિપાહી દ્વારા કરવામાં આવ્યું હતું.

# પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ દ્વારા કૅશલેસ વ્યવહારો અંગે તાલીમ



## દેના ગુજરાત ગ્રામીણ બૅન્ક, ગાંધીનગર દ્વારા તાલીમ
## કૅશલેસ સિસ્ટમના લાભ, ટૅકનોલૉજીની જાણકારી અપાઈ

ગાંધીનગર, તા. ૩૧

વિત્તીય સાક્ષરતા અભિયાન અંતર્ગત કૅશલેસ તાલીમ કાર્યક્રમનું આયોજન અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કૉલેજના અધ્યાપકો પણ આ તાલીમ કાર્યક્રમમાં રસપૂર્વક જોડાયા હતા.

આ વિશેષ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અધ્યાપકો અને વિદ્યાર્થીનીઓને દેના બૅન્ક, ગાંધીનગર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. કૅશલેસ સિસ્ટમના લાભ તથા આ નવી ટૅકનોલૉજીની ઊંડાણપૂર્વકની જાણકારી આ કૅશલેસ તાલીમ અંતર્ગત વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી, દેના બૅન્કના કર્મચારી અને ઍમઍચઆરડીના કૉલેજ નોડલ ઑફિસર ડૉ. હેમાંગિની વાઘેલાએ યોગદાન પૂરું પાડ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ખાલી ખિસ્સાં
લઈને તો નીકળો બજારમાં
વહેમ દૂર થઈ જશે
ઈજ્જત કમાયાનો

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

# આઈઍનઆઈઍફડી દ્વારા શાનદાર કિડ્સ ફૅશન શો



આઈઍનઆઈઍફડી, ગાંધીનગર દ્વારા કિડ્સ ફૅશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવેલા વિભિન્ન ડ્રેસીસનું પ્રદર્શન આ શોના માધ્યમથી કરવામાં આવ્યું હતું. અદાણી શાંતિગ્રામ ખાતે આયોજિત આ શોને માણવા બે હજારથી પણ વધુ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગેની માહિતી આપતાં આઈઍનઆઈઍફડી, ગાંધીનગરના ડિરેક્ટર વિશાલ મકવાણા અને સૅન્ટર હેડ કિંજલ મકવાણાએ જણાવ્યું છે કે સંસ્થા દ્વારા પ્રથમ વખત આ અનોખા શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે માટે વિદ્યાર્થીઓએ એક મહિનાની સખ્ત મહેનત કરી હતી.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ ખાતે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઍસપી ઑફિસના પીઆઈ પ્રવીણકુમાર વાલેરા, રૉટરી ક્લબ ઑફ કૅપિટલના પ્રમુખ અરવિંદ રાણા, જાણીતા ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ બી કે ચાવડા, ઍડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી, રાવત રાજપૂત સમાજના મહામંત્રી નરેન્દ્રસિંહ રાજપૂત, ઉપાધ્યક્ષ હેમસિંહ ચૌહાણ, સ્કૂલના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ અતિથિઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેજસ્વી વિદ્યાર્થીઓને અતિથિઓના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોતાના વિષયમાં ૧૦૦ ટકા લાવતા શિક્ષક નરેન્દ્રસિંહ ચૌહાણ, મોતીસિંહ સુરાવત, ચારુલતાબેન પટેલ, કરણસિંહ સોલંકી અને ડિમ્પલ રાજપૂતનું સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિઓનાં ઉદ્બોધન બાદ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ, શિક્ષકોએ સાથે મળીને કર્યું હતું. અંતે આભારવિધિ ટ્રસ્ટી શોભનાબા વાઘેલાએ કરી હતી.

# મિત્રતા, કાળજી, ફિતૂર, અહમ અને ઉત્કૃષ્ટ સર્જન

હિન્દી ફિલ્મ જગતના એક ખ્યાતનામ દિગ્દર્શક જે સ્વચ્છ અને સફળ ફિલ્મો માટે જાણીતા હતાં. તેઓ ખુબ જ ઓછા બજેટવાળી ફિલ્મો બનાવવા માટે પણ જાણીતા હતાં. ઘણીવાર તો એવું બનતું કે બીજા કોઈ નિર્માતાની ફિલ્મના નાયક, નાયિકા અને ખલનાયકને ચૂકવાતી ફી જેટલી રકમમાં તો એ દિગ્દર્શક પોતાની ફિલ્મ બનાવી લેતાં. આવી એક ઓછા બજેટવાળી ફિલ્મનુ રાજ કપૂર સાથે મળીને નિર્માણ કરવાનું આયોજન કર્યું. એ દિગ્દર્શકને રાજકપુર સાથે અંગત મિત્રતા પણ હતી. એ ફિલ્મમાં નાયક તરીકેની ભૂમિકા રાજ કપૂરને આપવાનું વિચાર્યું. પણ રાજ કપૂર નાદુરસ્ત રહેવા લાગ્યા. એ ફિલ્મની કથા મૃત્યુ સામે ઝઝૂમતા એક નાયકની હતી. રાજકપુર પોતાની કોઈપણ ભૂમિકામાં ખૂબ જ ઓતપ્રોત થઈ જતાં અને પોતાની જાતને ભૂલી જતાં. દિગ્દર્શકે વિચાર્યું કે કદાચ એ ફિલ્મનુ નાયકનાં મૃત્યુનું દ્રશ્ય ભજવતી વખતે જો રાજકપુર પોતાના સ્વભાવ પ્રમાણે અત્યંત ભાવુક થઈ જાય તો તેની નાદુરસ્ત તબિયત ઉપર માઠી અસર થઈ શકે. આ ભયને લઈને દિગ્દશકે કેટલાક ડોકટર્સની પણ સલાહ લીધી. અંતે દિગ્દર્શકે એવું વિચાર્યું કે પોતાની ફિલ્મ ભલે મહત્વાકાંક્ષી હોય, રાજકપુર માટે પણ ભલે એ ભૂમિકા પોતાના જીવનની યાદગાર ભૂમિકા બની શકે, ભલે રાજકપુર એ ભૂમિકા માટે એકદમ યોગ્ય કલાકાર હોય પણ પોતાના અંગત મિત્ર એવા રાજકપુરના જીવનનું જોખમ ના લેવાનો નિર્ણય લીધો અને રાજ કપૂરને એ ભૂમિકામાંથી બાકાત રાખ્યા. એક તરફ વ્યક્તિનો વ્યવસાય, પોતાના વ્યાવસાયિક સંબંધો અને બીજી તરફ અંગત સંબંધો. ઘણીવાર આ બંને સંબંધો વચ્ચે વ્યક્તિ દ્વિધામાં મુકાય છે. ક્યાંક, ક્યારેક વ્યાવસાયિક સંબંધો અને વ્યવસાયમાથી મળતો પૈસો અને પ્રતિષ્ઠા હાવી થાય છે તો ક્યારેક અંગત સંબંધો, લાગણી અને પ્રેમ જીતી જાય છે. વ્યાવસાયિક સંબંધોમાં પણ જ્યારે અંગત સંબંધોનું જતન અને સંવર્ધન થાય છે ત્યારે એ સંબંધોમાં સુગંધ ઉમેરાય છે. સંબંધોમાં સ્નેહીઓ અને મિત્રોની કાળજી રાખીને વ્યાવસાયિક લાભો જતાં કરનાર મોટું આર્થિક નુકશાન વેઠનાર વ્યક્તિ પણ મૂઠી ઊંચેરો બની જાય છે. આવું થાય ત્યારે બંને વ્યક્તિઓના સંબંધો પણ વધારે પ્રગાઢ બને છે.



વ્યક્તિને પોતાનો વ્યવસાય તો પ્રિય હોય જ છે. એમાંયે જ્યારે પોતાના વ્યવાય સાથે પોતાની હસ્તગત કળાનો સુમેળ થાય છે ત્યારે સોનામાં સુગંધ ભળે છે. પોતાને ગમતી કળા એ જ પોતાનો વ્યવસાય હોય ત્યારે વ્યક્તિ તેમાં ઓતપ્રોત થઈ જાય છે અને ક્યારેક તો એ પોતાની જાતને પણ ભૂલી જાય છે. અભિનયની કળા અને વ્યવસાયમાં તો આ સ્થિતિ ચરમસીમાએ પહોંચે છે. અભિનેતા પોતાની ભૂમિકામાં ઓતપ્રોત થઈ જઈને પોતાની જાતને ભૂલી જાય છે ત્યારે તેની ભૂમિકાની તેના માનસમાં તીવ્ર અસરો પેદા કરે છે. ક્યારેક આ અસરોના પરિણામો વિપરીત અને ગંભીર પણ આવી શકે છે અને અભિનેતાના શરીર અને તંદુરસ્તીને વિપરીત અસરો કરી શકે છે. પોતાના વ્યવસાય અને ખાસ કરીને અભિનયની આટલી ચરમસીમા વિરલા અભિનેતાઓ જ પ્રાપ્ત કરી શકે છે. આ ઘટના ઓગણીસમી સદીના સિતેરના દાયકામાં બની. ત્યારે રાજેશ ખન્ના સુપરસ્ટાર હતા અને તેના સ્ટારડમનો સિતારો મધ્યાહને તપતો હતો. રાજેશ ખન્નાને એક ફિલ્મ નિર્માણ વિષે જાણ થઈ અને તેમને એ ભૂમિકા ખૂબ જ ગમી ગઈ એટલે એ ભૂમિકા કરવાની તીવ્ર ઈચ્છા થઈ. જેમની એપોઈંટમેંટ મેળવવા માટે ભલભલા નિર્માતાઓ અને દિગ્દર્શકોને લાઈનમાં ઊભા રહેવું પડતું એ રાજેશ ખન્ના, સામે ચાલીને એ દિગ્દર્શકને મળવા ગયા. રાજેશ ખન્નાને ખુદને પોતાની ઓફિસમાં આવેલા જોઈને દિગ્દર્શક આશ્ચર્યમાં પડી ગયા. રાજેશ ખન્નાએ એ દિગ્દર્શકની એ પ્રસ્તાવિત ફિલ્મમાં નાયકની ભૂમિકા ભજવવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. દિગ્દર્શક માટે ના




vamlani@yahoo.co.uk

માની શકાય એવો આ પ્રસ્તાવ હતો. રાજેશ ખન્ના જેવા સુપર સ્ટારે પોતાની પ્રસ્તાવિત ફિલ્મમાં રસ દાખવ્યો એ બદલ દિગ્દર્શકે તેમનો આભાર માન્યો અને માફી માંગતા કહ્યું કે તે પોતાની ફિલ્મમાં રાજેશ ખન્નાને ભૂમિકા આપી શકે એમ નથી. રાજેશ ખન્નાએ તેનું કારણ પુછ્યું. દિગ્દર્શકે કારણ આપતા નિખાલસતાથી કહ્યું કે પોતાની ફિલ્મ ખૂબ જ ઓછા બજેટની છે એટલે પોતાને રાજેશ ખન્નાની ફી પોષાય નહી. એ ઉપરાંત દિગ્દર્શકે કહ્યું કે પોતાની ફિલ્મમાં કામ કરવાની કેટલીક શરતો સાથે પણ રાજેશ ખન્ના કદાચ સંમત ના થાય. રાજેશ ખન્નાએ દિગ્દર્શકની વાત શાંતિથી સાંભળી અને પછી પોતાને બધી જ શરતો કાબુલ રહેશે એવી ખાતરી આપી અને પોતાને એ ભૂમિકા આપવા માટે આગ્રહ કર્યો.

દિગ્દર્શકના આશ્ચર્યનો પાર ના રહ્યો. દિગ્દર્શકે પોતાની ત્રણ શરતો મૂકી. પહેલી શરતઃ એ સમયે રાજેશ ખન્નાની એક ફિલ્મની ફી આઠેક લાખ રૂપિયા હતી જેની સામે દિગ્દર્શકે માત્ર એક લાખ રૂપિયા આપવાની શરત મૂકી. બીજી શરતઃ રાજેશ ખાનના ક્યારેય શેડ્યુલ પ્રમાણે શૂટિંગ માટે સમયસર સેટ ઉપર ના આવતાં. તેની સામે સમયસર સેટ ઉપર હાજર થવાની દિગ્દર્શકે શરત મૂકી. ત્રીજી શરતઃ રાજેશ ખન્ના કોઈ જ નિર્માતાને શૂટિંગ મટે સળંગ તારીખો ના ફાળવતા. તેની સામે દિગ્દર્શકે શરત મૂકી કે પોતાની ફિલ્મ માટે વહેલમાં વહેલી તકે સળંગ તારીખો આપવી પડશે. રાજેશ ખન્નાએ દિગ્દર્શકની ત્રણેય શરતો સહર્ષ સ્વીકારી અને પોતાનો પ્રતિભાવ આપતા, પોતાની ડાયરી ધરીને કહ્યું કે તમને જે તારીખો યોગ્ય લાગે તે તમારા હાથે આ ડાયરીમાં લખી નાખો. ફી માટે તેમણે કહ્યું કે એક લાખ રૂપિયા પણ શા માટે, તમારી ઈચ્છા થાય એટલી જ ફી આપજો. ત્રીજી શરત માટે રાજેશ ખન્નાએ પોતાનું જેંટલમેન પ્રોમિસ આપ્યું. બંનેની શરતો મુજબ કરાર થયા. શૂટિંગ શરૂ થયું. ફિલ્મ સરળતાથી પૂરી થઈ. રાજેશ ખન્નાએ બધી જ શરતોનું પાલન કર્યું. રાજેશ ખન્ના અને દિગ્દર્શકની ફિલ્મોની યાદીમાં એક ઉમદા, યાદગાર અને શ્રેષ્ઠ ફિલ્મનો ફિલ્મોનો ઉમેરો થયો. એ ફિલ્મ ના દિગ્દર્શક હતા ઋષિકેશ મુખરજી અને ફિલ્મ હતી "આનંદ" રાજેશ ખન્નાને અભિનયનું એક ઝનૂન હતું. પોતે એક ઉત્કૃષ્ટ ભૂમિકાની શોધમાં હતા જે તેમણે ઋષિદાની ફિલ્મમાં દેખાઈ એટલે એ ભૂમિકા ભજવવા માટે વધારે ઝનૂન ચડ્યું. વ્યક્તિને જ્યારે કોઈપણ પ્રકારના વ્યવસાય, પ્રવૃતિ, કળા કે શોખનું ઝનૂન ચડે છે ત્યારે તે પોતાના બધા જ પ્રકારના અહમને એક બાજુ મૂકી દે છે. રમતવીરો પોતાને ગમતી રમત, સંગીતકારો પોતાને ગમતું સંગીત, વાચકને પોતાને ગમતું પુસ્તક, સાહસિકને પોતાને ગમતું સાહસ, પ્રવાસીને પોતાને ગમતું પ્રવાસન સ્થળ, યાત્રાળુને પોતાને ગમતું યાત્રાધામ, બાળકોને પોતાને ગમતી પ્રવૃતિ કે મિત્રોને પોતાને ગમતી મિત્રતા મળે છે ત્યારે એ જ તેની પ્રાથમિકતા હોય છે. પોતાને ગમતાનો ગુલાલ કરવા માટે આવા લોકો કોઈપણ પ્રકારનો ભોગ આપી શકે છે. આ જ એક ઝનૂન છે, આ જ એક ફિતૂર છે જેની સામે અન્ય બધુ જ કોડીની કિમતનું બની જાય છે.

પોતાને મનગમતા કાર્યો કરવાની વ્યક્તિને જ્યારે તક મળે છે ત્યારે એ તક ઝડપી લેવા માટે વ્યક્તિ પોતાની માનસિકતા બદલવા પણ તૈયાર થઈ જાય છે. આવી તક મળી જાય છે ત્યારે વ્યક્તિ તેમાં પોતાના પ્રાણ પૂરી દે છે અને એ કાર્યો વ્યક્તિના જીવનમાં સીમાચિહ્નન રૂપ બની જાય છે.

વ્યક્તિના સંબંધો, વ્યક્તિની પોતાની પ્રિય વ્યક્તિઓ, પ્રિયજનો પ્રત્યેની કાળજી, વ્યક્તિને પોતાને ગમતા કાર્યો માટેનું ઝનૂન અને તેના માટે પોતાનો અહમ છોડવાની પણ તૈયારી અને ત્યાગભાવના, આ બધા થકી જ માનવી ઉત્કૃષ્ટ સર્જનો કરી શકે છે. ચાલો આપણે પણ આપણા જીવનના ઉત્કૃષ્ટ સર્જન માટે આ પ્રકારની પહેલ કરીએ

# નૅશનલ મીન્સ કમ મૅરિટ સ્કૉલરશીપ માટે સાલુજીના મુવાડાના બે વિદ્યાર્થીની પસંદગી



જયદિપસિંહ



અર્પિત

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત રાજ્ય પરીક્ષા બૉર્ડ આયોજિત નૅશનલ મીન્સ કમ મૅરિટ સ્કૉલરશીપ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત સાલુજીના મુવાડા પ્રાથમિક શાળા (ડભોડા)માં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી જયદિપસિંહ બળવંદસિંહ યાદવ અને અર્પિત અંકિતકુમાર રાવળ ઉત્તીર્ણ થયા છે અને શિષ્યવૃત્તિનો લાભ મેળવવા પસંદગી પામ્યા છે.

શાળા પરિવાર વતી આચાર્ય દ્વારા બંને વિદ્યાર્થીઓને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**